રજુ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

દાખલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

ફેંસલ તારીખ : ૨૦/૦૬/૨૦૨૬

અવધિ : વર્ષ : માસ : દિવસ :

: ૦૦ : ૦૦ : ૦૪ :

**મે.સેકન્ડ એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા.**

ફોજદારી પરચુરણ અરજી નં.**૨૩૧/૨૦૨૬**

આંક :-

અરજદારઃ પંકજભાઈ ધીરૂભાઈ બાંભણીયા
ઉ.વ.૨૦, ધંધો-મજૂરી
રહે.પીપાવાવ, તા.રાજુલા, જિ.અમરેલી.

**-: વિરુદ્ધ : -**

સામાવાળા :- (૧) શ્રી સરકાર
(નોટીસ થ્રુ જિલ્લા સરકારી વકીલશ્રી, રાજુલા)

**બાબત : બી. એન. એસ. એસ. કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા બાબત...**

---

અરજદાર તરફે : વિ.વ.શ્રી બી.આર.સીંધવ

સામાવાળા તરફે : એ. પી. પી. શ્રી બી. એમ. શીયાળ.

---

**:: ઠરાવ ::**

**(૧)** આ કામે અરજદાર દ્વારા આ કામે આંક-૦૧ થી અરજી રજૂ કરેલ છે. જે અરજી વંચાણે લીધી. આ કામે સદર અરજી રજૂ **તા.૧૬/૦૬/૨૦૨૬** છે. બાદમાં આ કામે સામાવાળા તરફે સરકારી વકીલશ્રીને તથા તપાસ કરનાર અમલદારને સોગંદનામું રજૂ કરવા મુદ્દત **તા.૧૮/૦૬/૨૦૨૬** ના રોજ હાજર રહેવાની નોટિસ કર્યા બાદ અરજદાર તથા સામાવાળા તરફેની દલીલો સાંભળી.

**(૨)** આ કામે અરજદાર આરોપી સામે **જાફરાબાદ પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૩૦૨૪૨૬૦૧૩૪/૨૦૨૬થી બી.એન.એસ. કલમ-૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ), ૬૪(૨)(આઇ) તથા પોક્સો એક્ટ કલમ-૪,૮,૧૮** મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર કામની ટૂંકમાં ફરિયાદની હકીકત એવી છે કે, આ કામના આરોપી પંકજભાઈ ધિરૂભાઈ બાંભણીયાએ આ કામના ફરિયાદીની સગીરવયની દીકરી ભોગબનનાર ડો/ઓ ધીરૂભાઈ ચીથરભાઈ સાંખટ ઉ.વ.૧૭ વર્ષ ૦૩ મહીના અને ૨૨ દિવસ (જન્મ

તા.૨૧/૧૨/૨૦૦૮) વાળીને લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ ગુનો કરેલાનો આક્ષેપ છે.

**(૩)** આ કામે અરજદાર દ્વારા હાલની જામીન અરજી રજૂ કરેલ છે જે જામીન અરજીની તમામ વિગતો વંચાણે લેવામાં આવેલ છે. તેમજ અરજદાર તરફેના વિ.વ.શ્રીએ રજૂઆત કરતા એવી હકીકત જણાવેલ છે કે, આ કામે તપાસનું કામ પૂર્ણ થયેલ ચાર્જશીટ રજૂ થયેલ છે જેનો સ્પે.પોક્સો કેસ નં.૦૫/૨૦૨૬ છે. આપ નામ. કોર્ટમાં આ પ્રથમ વખતની જામીન અરજ છે. અરજદાર નિર્દોષ છે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. આ કામની ભોગબનનારને અરજદાર આરોપી સાથે પ્રેમ સંબંધ હોય જે વાત તેના માતા પિતાને પસંદ ન હોય અને વારંવાર ખીજાતા હોય જેથી ત્રાસથી કંટાળી ઘર છોડી જતા રહેતા હતા અમો અરજદાર સામે શંકાના આધારે ફરિયાદ આપેલ હતી. અરજદાર તપાસના કામે સાથ સહકાર આપશે તેમજ અરજદાર મજૂરી કામ કરે છે તેમજ કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે છે, ક્યાંય પણ નાસી ભાગી જઈએ તેમ નથી અમોને જો લાંબા વખત સુધી જેલમાં રાખવામાં આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ થઈ રહી છે અરજદાર સાક્ષી કે પુરાવા સાથે ટેમ્પ વીથ નહીં કરીએ, અમોનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ નથી કરવાનો કોઈ પ્રશ્ન નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું અરજદાર પાલન કરશે અને નામ. કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તેઓ સંમત છે. આમ, ઉપરોક્ત તમામ રજૂઆત તથા અરજીમાં જણાવેલ તમામ હકીકતોને ધ્યાને રાખીને અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

**(૪)** સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.**શ્રી બી.એમ.શિયાળ** ને સાંભળ્યા. તેઓશ્રીએ ત.ક.અ.ના સોગંદનામા તથા તપાસના કાગળોના સમર્થનમાં દલીલ કરેલ છે કે, આ કામના આરોપી સામે ઉપરોક્ત ફરિયાદમાં દર્શાવ્યા મુજબનો ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી ગુન્હો દાખલ થયા બાદ નાસતો ફરતો રહે તેમ હોય જેથી પ્રોસિક્યુશન સમયે હાજર ન રહી વિક્ષેપ ઊભો કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ કામે ફરિયાદી તથા સાહેદો ગરીબ હોય અને સામાન્ય મજૂરી/નોકરી કરી પોતાનું જીવન ગુજારતા હોય જેથી ફરિયાદી તથા સાહેદોને ડરાવે ધમકાવે તેવી પૂરી શક્યતા છે તેમજ હાલના સમયે બનાવો મુજબ આરોપીને જામીન મુક્ત કર્યે આરોપી દ્વારા ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવા સુધીના બનાવો બનેલ છે તેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે સારુ જામીન મુક્ત નહીં કરવા અરજ છે. તેમજ હાલના કામે ચાર્જશીટ દાખલ થયે પોક્સો કેસ નં.૦૫/૨૦૨૬ થી પડેલ છે. જેથી આરોપીએ આચરેલ ગુન્હાહીત કૃત્યને ધ્યાનમાં લઈ અરજદાર/આરોપીને જામીન મુક્ત નહીં કરવા રજૂઆત કરેલ છે.

**(૫)** પક્ષકારોના વિદ્વાન ધારાશાસ્ત્રીઓની રજૂઆતો, આંક-૦૩ના લિસ્ટથી રજૂ થયેલ દસ્તાવેજો, પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું

આંક-૦૬ તથા એફ.આઇ.આર.ની હકીકત ધ્યાને લીધી. વધુમાં રેકર્ડ પરની તમામ હકીકતો લક્ષમાં લેતા, એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, ફરિયાદીએ જે ફરિયાદમાં હકીકતો જણાવીને આરોપી સામે આક્ષેપ કરેલ છે તે આક્ષેપ અંગે પુરાવો લેવો જરૂરી જણાય છે પુરાવો લીધા સિવાય આ આક્ષેપો સાબિત થઈ શકે નહીં. ભોગબનનારની ઉમરને ધ્યાને લેતા તથા સજાની જોગવાઈને ધ્યાને લેતા તથા સજાની ગંભીરતાને ધ્યાને લેતા તથા આરોપી રાજુલાના સ્થાનિક રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની બાયંધરી આપેલ છે તેથી તેવા સંજોગોમાં હાલના તબક્કે આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ જણાય છે. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**(૧)** આ કામના અરજદાર/આરોપી પંકજભાઈ ધીરૂભાઈ બાંભણીયા ઉ.વ.૨૦, ધંધો-મજૂરી રહે.પીપાવાવ, તા.રાજુલા, જિ.અમરેલી. નાઓની **બી. એન. એસ. એસ. કલમ-૪૮૩** અન્વયેની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદાર/આરોપીએ **જાફરાબાદ પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૩૦૨૪૨૬૦૧૩૪/૨૦૨૬થી બી.એન.એસ. કલમ-૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ),૬૪(૨)(આઇ) તથા પોક્સો એક્ટ કલમ-૪,૮,૧૮** મુજબના ગુન્હાના કામે **આરોપીએ** રૂ.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના **સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા** રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં, તેમજ ફરીયાદપક્ષના સાક્ષીઓને ધાક ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશીશ કરવી નહીં.
૨. અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં અને ફરીથી આવા પ્રકારનુ ગુનાહીત કુત્ય કરશે તો હાલના જામીન હુકમ રદ કરવા અત્રેની અદાલતને ફરજ પડશે તે શર્તે.
૩. અરજદાર/આરોપીએ આ કામની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી દરેક મુદતે અચુકપણે વિ. ટ્રાયલ કોર્ટમા નિયમિતપણે હાજર રહી હાજરી પુરાવવી.
૪. અરજદાર/આરોપીએ સદર ગુન્હાની તપાસના કામે તપાસ કરનાર અમલદારને પુરતો સાથ-સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર સદર ગુનાના કામે જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ.
૫. અરજદાર/આરોપીએ ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૬. જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો અરજદાર/આરોપી જામીન મુકત થયેથી દિન–૧૦ માં **વિ. ટ્રાયલ કોર્ટમા** જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું **વિ. ટ્રાયલ કોર્ટમા** રજુ કરવું

૭. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું **વિ. ટ્રાયલ કોર્ટમા** જાહેર કરવું.

૮. જો અરજદાર આરોપીએ ઉપરોક્ત શરતોમાંથી કોઈ પણ શરતનો ભંગ કરશે તો આરોપીના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે અને ટ્રાયલ કોર્ટ યોગ્ય તે પગલા લઈ શકશે.

૯. અરજદાર/આરોપીએ જામીન **વિ. ટ્રાયલ કોર્ટમાં** આપવા.

(૩) આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આજરોજ તા.**૨૦** માહે–**જુન,** સને–**૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મું. રાજુલા
તા.૨૦/૦૬/૨૦૨૬

**(દિવ્યાંગ સી. ત્રિવેદી)**
બિજા એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
રાજુલા
**જીજે.૦૦૫૮૩**